# ખનન

## આપણને સમજાવે છે
## શુધ્ધિકરણનો મહિમા...

કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં
શુધ્ધિકરણ એ અનિવાર્ય પ્રક્રિયા છે.
શુધ્ધતા વિનાનું કોઈ પણ ''દ્રવ્ય''
એ તે તે પ્રકારના કાર્ય માટે યોગ્યતાહીન હોય છે.
શુધ્ધિ યોગ્યતાને પુરસ્કૃત કરે છે.
શુધ્ધિ પાત્રતાને ઉજાગર કરે છે.
શુધ્ધિ પાત્રતાનો વિકાસ કરે છે.
જિનાલય માટે ભૂમિ જોઈએ,
પણ શુધ્ધ જોઈએ.
કારણ, શુધ્ધ આત્મજ્યોતિનું
ત્યાં અવતરણ થવાનું છે.
મોક્ષસ્થ રહેલી અર્હદજ્યોતિ
એ વિશ્વનું પરમ સુવિશુધ્ધ તત્ત્વ છે.
શુધ્ધ જ શુધ્ધ ને ખેંચે.
અશુધ્ધ અશુધ્ધને ખેંચે તેમ
શુધ્ધના બેસણા પણ
જ્યાં શુધ્ધિ હોય ત્યાં જ થાય.
આપણે ભૂમિ શુધ્ધ કરવાની છે.
''શુધ્ધ''ને બોલાવવા માટે.
અને એ માટે દ્રવ્ય સાથે ભાવ પણ
શુધ્ધ જ જોઈશે.
પ્રભુને પ્રાર્થના કરીએ કે -
આપના આગમન માટે
તૈયાર થઈ રહેલો દ્રવ્યશુદ્ધિનો આ પ્રકલ્પ
(ખનન કાર્ય)
અમારા ભાવોની પણ શુધ્ધિ કરતો રહે...
માત્ર ભૂમિ નહિ,
પણ અશુભ ભાવોનું ખનન
એ અમારી માત્ર કલ્પના નહિ
પણ વાસ્તવિકતા બને...

- આ.વિ. જગવલ્લભસૂરિ

વિજય જગવલ્લભસૂરિ





